604001758

(ખાખી/કાળા રંગનું સ્ટીકર અહીં ચોંટાડવું)

**CSM-6**

**Answer Book**
**જવાબવહી**

| Medium of Answer (Choose any one) | |
|---|---|
| Gujarati | English |
| ✓ | |

GPSC - 2019

# 2018-19

**વિષય : General Studies - 3 (CSM-6)**

**પરીક્ષાની તારીખ : 03/03/2019**

**Marks : 150** **Duration : 3 Hours**

| | | |
|---|---|---|
| Q-01 | 5 | 0 |
| Q-02 | 5 | 0 |
| Q-03 | 5 | 0 |
| Q-04 | 5 | 3.5 |
| Q-05 | 5 | 0 |
| Q-06 | 5 | 3 |
| Q-07 | 5 | 1.5 |
| Q-08 | 5 | 2 |
| Q-09 | 5 | 5 |
| Q-10 | 5 | 2 |
| Q-11 | 10 | 6.5 |
| Q-12 | 10 | 6 |
| Q-13 | 10 | 1.5 |
| Q-14 | 10 | 5.5 |
| Q-15 | 10 | 8 |
| Q-16 | 10 | 0 |
| Q-17 | 10 | 3.5 |
| Q-18 | 10 | 3 |
| Q-19 | 10 | 0 |
| Q-20 | 10 | 4 |
| Q-21 | 10 | 5.5 |
| Q-22 | 10 | 7 |
| | 150 | 67.5 |
| | | Sixty Seven+ ½ |

ઉમેદવારે આ જગ્યામાં કંઈ લખવું નહીં

GPSC-2019

604001758

પરીક્ષકનું નામ, ... Name and Signature

## સૂચનાઓ

(૧) ઉમેદવારના પ્રવેશપત્ર પરનો બેઠક નંબર, ટિકીટ નંબર, વિષય કોડ તથા બારકોડ સ્ટીકર પરનો ટિકિટ નંબર, બેઠક નંબર તથા વિષય કોડ એક જ છે તે ચકાસીને ઉપર બતાવેલ બોક્સમાં બારકોડ સ્ટીકર ચોંટાડવું. ત્યારબાદ નિરીક્ષકની સૂચના પ્રમાણે ખાખી/કાળા રંગનું સ્ટીકર તેના ઉપર ચોંટાડવું.

(૨) ઉમેદવારે નિયત જગ્યા સિવાય જવાબવહીના કોઈપણ ભાગમાં ટિકિટ નંબર, બેઠક નંબર કે તખલ્લુસ દર્શાવવા નહિ કે કોઈ પણ પ્રકારની નિશાની કરવી નહિ.

(૩) ઉમેદવાર વાદળી કે કાળી શાહીની બોલપેનથી ઉત્તરો લખી શકશે. પરંતુ તે સિવાયની કોઈ પણ રંગની શાહી, બોલપેન કે સ્કેચ પેનનો ઉપયોગ કરી શકશે નહિ.

(૪) ઉમેદવારે જવાબવહી નિરીક્ષકને સોંપતા પહેલાં ખાતરી કરી લેવી કે તેના ઉપર નિરીક્ષકની સહી થયેલ છે. નિરીક્ષકની સહી વગરની જવાબવહી તપાસવામાં આવશે નહિ.

(૫) ઉમેદવારે જે તે પ્રશ્ન માટે રાખવામાં આવેલ નિયત જગ્યામાં જ જવાબ લખવાના રહેશે.

(૬) ઉમેદવારે જે તે પ્રશ્ન માટે રાખવામાં આવેલ નિયત જગ્યા સિવાય અન્ય જગ્યાએ ઉત્તરો લખેલ હશે તો તે તપાસવામાં આવશે નહિ તથા શૂન્ય ગુણ આપવામાં આવશે.

(૭) જે તે પ્રશ્નમાં માંગેલ જવાબોની સંખ્યા મુજબ પ્રથમ લખેલ જવાબો મૂલ્યાંકન અને ગુણપ્રદાન માટે ધ્યાને લેવાશે અને તે સિવાયના જવાબો માટે શૂન્ય ગુણ ગણવાના રહેશે.

(૮) જવાબ લખવા માટે અલગથી કોઈ પ્રકારની જવાબવહી/પુરવણી આપવામાં આવશે નહિ.

(૯) ઉમેદવારે જે પ્રશ્નનો ઉત્તર ના લખેલ હોય અથવા જ્યાં ખાલી જગ્યા રહેલ હોય ત્યાં ત્રાંસી લીટી કરવાની રહેશે.

(૧૦) ઉપર્યુક્ત સૂચનાઓનો ભંગ કરનારને આયોગ યોગ્ય શિક્ષા કરી શકશે.

(૧૧) બેઠક નંબર લખવામાં ઉમેદવાર ભૂલ કરશે તો તે પછી કોઈ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ.

(૧૨) આ પ્રશ્નપત્રમાં જવાબના માધ્યમ માટે વિકલ્પ ઉપલબ્ધ છે, ઉમેદવારે ઉપલબ્ધ માધ્યમ પૈકી કોઈ એક માધ્યમની પસંદગી અવશ્ય દર્શાવવાની રહેશે (✓) અને ઉમેદવારે તે જ માધ્યમમાં જવાબ આપવાના રહેશે અન્યથા જવાબવહી તપાસવામાં આવશે નહીં.

Scanned by CamScanner

પ્રશ્ન.1. ડિસેમ્બર 2018માં કયા કારણોસર અને ક્યાં સંયુક્ત રાષ્ટ્રોના મહાસચિવ એન્ટોનીયો ગુટરરેસ દ્વારા એક ભારતીય મહિલાની ભૂમિકાની પ્રશંસા કરવામાં આવી ? સંક્ષિપ્તમાં જવાબ આપો.

Q.1. For which cause and where, the role of an Indian lady was lauded by the United Nations Secretary General, Antonio Guterres in December 2018 ? Reply in brief.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 5 |
| --- | --- |
| | |

ડિસેમ્બર 2018માં સંયુક્ત રાષ્ટ્રોના મહાસચિવ
એન્ટોનિયો ગુટરરેસ દ્વારા મેરિકોમની ~~પ્રશંસા~~
પ્રશંસા કરવામાં આવી.

⇒ લગ્નબાદ ~~[illegible]~~ માતાની ભૂમિકા તરીકે અને છઠ્ઠી
વખત વિશ્વ બોક્સિંગ ટુર્નામેન્ટ જીતવાને કારણે
મેરીકોમના ભારોભાર વખાણ કર્યા હતાં.

⇒ વૈશ્વિક મંચ પર સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ દ્વારા
ભારતીય નારી - જે નારાયણી સ્વરૂપે માનવામાં
આવે છે તેનું શબ્દમુખે સન્માન ભારત માટે
ગર્વની વાત છે.

⇒ મેરિકોમ ત્રણ બાળકોની માતા છે જે ભારતના
અલ્પવિકસિત ~~[illegible]~~ ઉત્તરપૂર્વ રાજ્યોમાં મણિપુર ના
વતની છે...

⇒ આ સંમેલન પેરિસમાં યોજાયુ હતુ.

Q.1

DO NOT WRITE HERE

Scanned by CamScanner

પ્રશ્ન.2. "બૃહદ સંપર્ક યોજના" શું છે ? તેના મહત્વની ચર્ચા કરો.

Q.2. What is "Brihad Sampark Yojana"? Discuss its importance.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 5 |

બૃહદ સંપર્ક યોજના : ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવી.

હેતુ- જે અંતર્ગત ગુજરાતના પછાત વર્ગોને અંતરિયાળ ગામડાઓ સાથે બહોળા પાયે સંપર્ક સાધી સમાજની મુખ્યધારામાં લાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

લાભ— સામાજિક ન્યાય સુનિશ્ચિત કરી શકશે.

- સમાનતાના, ગરીમાપૂર્ણ જીવનજીવવાના હકો
- SC/ST/ મહિલા ઉપર વિશેષ ધ્યાન.
- સામાજિક સુરક્ષા આપવામાં આવશે
- ઈ-શાસનથી છેવાડાના માનવી સુધી પહોંચ સુનિશ્ચિત કરવામાં આવશે.

⇒ ગુજરાતની સંવેદનશીલ, નિર્ણયાત્મક, ગતિશીલ સરકાર દ્વારા બૃહદ સંપર્ક યોજના ચલાવવામાં આવી રહી જેથી નાગરિકોનો સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરી સુશાસન સ્થાપી શકશે.

X 0
Q.2

**DO NOT WRITE HERE**

Scanned by CamScanner

CSM-1, SM-6

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| **કુલ ગુણ / TOTAL MARKS: 5** |

**પ્રશ્ન.3.** યુ.એસ.એ.ના સંદર્ભમાં "ગવર્નમેન્ટ શટડાઉન"નો અર્થ શું થાય છે ? તાજેતરના શટડાઉનનું કારણ અને તેની અસરો જણાવો.

**Q.3.** What is meant by "Government Shutdown" in the context of USA ? Write the reason for the recent shutdown and its impact.

ગવર્નમેન્ટ શટડાઉન – યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા (યુ.એસ.એ.)માં સંસદ (સેનેટ) અને રાષ્ટ્રપતિ ? ? વચ્ચે મતભેદ સર્જાય અને રાષ્ટ્રપતિનું બજેટ માનવું ? પડે તેવી સ્થિતિને ગવર્નમેન્ટ શટડાઉન કહેવાય છે.

⟹ તાજેતરમાં અમેરિકા અને રશિયાની એગ્રીમેન્ટ ઇન્ટરમીડિયેટ ન્યુક્લિયર ટ્રીટી માંથી બંને દેશો બહાર આવી 500–5500 km ની મિસાઈલો વિકસાવવાનું નક્કી કર્યું જેથી રક્ષા મંત્રીએ રાજીનામું આપ્યું.

⟹ આ ઉપરાંત – વૈશ્વિક દ્રષ્ટિએ સિરિયામાંથી ટ્રુપ પાછું ખેંચવું (Shutdown), અફઘાનિસ્તાનમાં પણ વાર્તાલાપો ચાલી રહ્યાં છે – અમેરિકા સંરક્ષણવાદની નીતિથી પોતાનું ટ્રુપ પાછું ખેંચી રહ્યું છે.

અસરો :– ચીનનું પ્રભુત્વ ~~વધશે~~, રશિયા-ચીન મજબૂત બને, આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિનિધિત્વનો અભાવ, વૈશ્વિક અર્થવ્યવસ્થાને નુકસાન, અમેરિકાની વિદેશનીતિથી વિશ્વાસ પાછું થઈ રહ્યું, ડૉલર મજબૂત થશે – ભારત પર પ્રતિકૂળ અસર

Q3 0

**DO NOT WRITE HERE**

Scanned by CamScanner

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 5 |

પ્રશ્ન.4. આર્થિક વિકાસનું કયું પરિમાણ વધારે સારું છે, કુલ ઘરેલુ ઉત્પાદન (GDP) કે કુલ મૂલ્યવર્ધન (GVA) ? શા માટે ?

Q.4. Which is better parameter of economic development, Gross Domestic Product (GDP) or Gross Value Added (GVA) ? Why ?

આર્થિક વિકાસ : રાષ્ટ્રીય આવકમાં વૃદ્ધિ સાથે જીવનધોરણ સુધારે.
GDP (કુલ ઘરેલુ ઉત્પાદન) : રાષ્ટ્રની ભૌગોલિક સીમા અંદર થતું પ્રતિવર્ષ ઉત્પાદન મૂલ્ય. સમગ્રલક્ષી, બધા ક્ષેત્રો...
GVA (મુલ્યવર્ધન) : ઉત્પાદન એકમો દ્વારા થતા ~~મુલ્યવધારા~~ને... ક્ષેત્રવાર અલગ અલગ.

⇒ <u>GDP વિ. GVA</u> : કુલ મુલ્યવર્ધનથી વધગાળાના સમય ગાળામાં મુલ્યવૃદ્ધિ માપી શકાય પણ અસંગઠિત ક્ષેત્રનો પ્રભાવ અને અસમાનતાને કારણે આર્થિક વિકાસનો ખ્યાલ આંશિક રીતે જ મેળવી શકાય છે.

⇒ કુલ ઘરેલુ ઉત્પાદનથી સમગ્ર રાષ્ટ્રની આંતરિક સીમામાં થયેલા ઉત્પાદનથી આર્થિક વિકાસને જાણી શકાય છે. • કુલ મુલ્યવર્ધન GDPની ગણતરીની જ એક પદ્ધતિ છે. તે સિવાય આવક, ખર્ચ પદ્ધતિને આધારે GDP ગણતરી કરતાં લોકોની આર્થિક સ્થિતિ અને જીવનધોરણનો ખ્યાલ આવે છે. દા.ત. - આવક પદ્ધતિ અનુસાર જમીનનું ભાડુ, મજૂરોને વેતન વગેરેથી જીવનધોરણનો ખ્યાલ મેળવી શકાય. તેથી GVAની સાપેક્ષ GDP આર્થિક વિકાસનું સારું પરિમાણ છે.

3½
Q.4

**DO NOT WRITE HERE**

Scanned by CamScanner

પ્રશ્ન.5. રોજગાર સ્થિતિસ્થાપકતા (Employment Elasticity) સંક્ષિપ્તમાં સમજાવો.

Q.5. Explain Employment Elasticity in brief.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 5 |
| --- | --- |

રોજગાર સ્થિતિસ્થાપકતા :-
સકલ ઘરેલુ ઉત્પાદનમાં વધારો થાય- આર્થિક વૃદ્ધિ વધવા સાપેક્ષે રોજગારીનું પ્રમાણ સ્થિર રહે કે જરૂરિયાત ના સંતોષી શકે તેને રોજગાર સ્થિતિ-સ્થાપકતા કહેવાય છે.

કારણો :- 1) સ્વચાલન (Automation)- મશીનોના ઉપયોગથી રોજગારી છીનવાય. ભારતમાં શ્રમકેન્દ્રિત ઉદ્યોગોની જરૂર.

2) Jobless Growth (વૃદ્ધિ-રોજગારવાર): કૃષિક્ષેત્રે મહત્ત્વ બેરોજગારી, ઉદ્યોગો કરતાં સેવાક્ષેત્રો વધુ વિકાસ. જે રોજગારી સર્જન કરવામાં નિષ્ફળ.

3) નિમ્ન ઉત્પાદકતા / નિમ્ન ઉત્પાદન - આવડત મુજબ કાર્ય ન મળે કે ન કરી શકે તેના કારણે સ્થાયિત્વ આવતા જાય.

4) કઠોર શ્રમ કાયદા- સરળતાબદ્ધ નથી. કુલ 200-250 શ્રમ કાયદા જે રોજગાર સર્જન રોકે છે.

5) અસંગઠિત ક્ષેત્રનું પ્રભુત્વ- કાયમી સુરક્ષિત રોજગારી આપવામાં અસફળ

=> આમ, રોજગાર સ્થિતિસ્થાપકતા કરતાં રોજગારવૃદ્ધિ થઈ રહે છે વિકાસ, રાષ્ટ્રીય વિકાસ સાધી શકાય છે.

Q.5 0

DO NOT WRITE HERE

Scanned by CamScanner

CSM-6

| પ્રશ્ન.6. | ખાદ્ય પર્યાપ્તતા (Food Self-Sufficiency) અને ખાદ્ય સુરક્ષા (Food Security) વચ્ચેનો ભેદ જણાવો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|---|---|
| Q.6. | Distinguish between Food Self-Sufficiency and Food Security. | કુલ ગુણ / TOTAL MARKS: 5 |

| ખાદ્ય પર્યાપ્તતા :- | ખાદ્ય સુરક્ષા :- |
|---|---|
| 1) જીવનનિર્વાહ કરી શકે તેટલુ ખાદ્ય સ્વકક્ષામાંથી પર્યાપ્ત હોવું | 1) નાગરિકોની ખાદ્ય જરૂરિયાતો સંતોષાય. |
| 2) સરકારનુ ધ્યાન નહી:- ખાદ્ય જરૂરિયાત પુરતું. રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન અંતર્ગત ચોખા, ઘઉં, અનાજનુ ઉત્પાદન ~~[illegible]~~ કરવું. | 2) રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન અને કાયદો બનાવી ઉત્પાદન અને 2,3,1 ₹ માં ખાદ્ય સુરક્ષા પુરી પાડે છે. |
| 3) સ્વકક્ષી જ ઉત્પાદન થી ખાદ્યપૂર્તિ - ખેડૂતોને પણ લાભ થાય - ઉત્પાદન વધે - આવક વધે - કૃષિ સંકટ દૂર થાય | 3) ખાદ્ય સંકટ હોયતો આયાત પણ કરી શકાય. દા.ત. આર્થિક સંકટ સમયે PL480 ઘઉંની આયાત કરવી. |
| 4) ભવિષ્ય લક્ષી નથી. | 4) ભવિષ્યલક્ષી છે. |
| 5) સ્વકક્ષી ઉત્પાદન ઉપર ધ્યાન. | 5) ખાદ્ય - પહોંચ ઉપર ધ્યાન છે. - PDS (જાહેર વિતરણ વ્યવસ્થા) |

→ આમ, ખાદ્ય પર્યાપ્તતા અને સુરક્ષા વચ્ચે પાતળી ભેદરેખા - બંનેનો લક્ષ્યાંક દેશના નાગરિકોની અન્નપૂર્તિ કરવાનો જ..

**DO NOT WRITE HERE**

3 Q.6

Scanned by CamScanner

| પ્રશ્ન.7. | બેંકમાં ગ્રાહક સેવાઓ માટેની એમ. દામોદરન સમિતિની ભલામણોની મુખ્ય વિશેષતાઓ સમજાવો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|---|---|
| Q.7. | Explain the salient features of M. Damodaran Committee recommendations on customer service in banks. | કુલ ગુણ / TOTAL MARKS: 5 |

એમ. દામોદરન સમિતિ દ્વારા બેંકમાં ગ્રાહક સેવાઓ માટે નીચેની ભલામણો કરી:-

1) બેંકિંગ સેવાની સમાવેશી - બધા વર્ગોને લાભ મળે, તેમાં કોઈ ભેદભાવ નહીં.

2) જવાબદેહી - બેંકના કર્મચારીઓની ગ્રાહકો પ્રત્યેની જવાબદેહી સુનિશ્ચિત કરવી જોઈએ.

3) આધુનિક જાણકારી - મોબાઈલ-બેંકિંગની મદદથી ગ્રાહકોને છેવાડા સુધી પહોંચની આધુનિક માહિતી આપવી.

4) બેંક મિત્ર - ગ્રાહકોની સહાય માટે બેંક મિત્રની નિમણૂક.

5) ભાષા - સ્થાનિક ભાષામાં માહિતી, છેવાડા સુધી પહોંચ સુનિશ્ચિત કરવી.

6) ફરિયાદ નિવારણ તંત્ર - બેંકોમાં ગ્રાહકો સાથે છેતરપિંડી થાય તો તાત્કાલિક ફરિયાદ નિવારણ તંત્રથી ઉકેલ લાવવો.

7) નાણાકીય રીતે સુરક્ષા આપવી.

8) ડિજિટલ બેંકિંગ પ્રત્યે જાગૃતિ અભિયાનો કરવા.

=> ગ્રાહકોને સરળ સેવા પહોંચ થાય તે માટે એમ. દામોદરન સમિતિએ ઉપર્યુક્ત ભલામણો કરી જે નાણાકીય સમાવેશન માટે મહત્વપૂર્ણ બની રહેશે.

DO NOT WRITE HERE

Scanned by CamScanner

પ્ર.8. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઓગષ્ટ 2018માં શરૂ કરવામાં આવેલા "PARIVESH" - પોર્ટલ ઉપર સંક્ષિપ્ત નોંધ લખો.

8. Write a brief note on "PARIVESH" - a portal launched by the Hon'ble Prime Minister Shri Narendra Modi in August, 2018.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| --- |
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 5 |

તાજેતરમાં પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય હેઠળ 'PARIVESH' પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું.

ઉદ્દેશ્ય :- પર્યાવરણીય, વન સંબંધી, તટીય નિયમન ક્ષેત્રો (CRZ) વગેરેને single window clearance.

નિર્માણ : પોર્ટલનું નિર્માણ NIC (નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર) દ્વારા કરવામાં આવ્યું છે.

ફાયદા : 1) પર્યાવરણ સંબંધી મંજૂરી 48 કલાકમાં મળશે
2) આર્થિક ગતિવિધિને પ્રોત્સાહન મળશે
3) રોજગારીનું સર્જન થશે
4) ડિજીટલ ઈન્ડિયાને પ્રોત્સાહન મળશે
5) ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં સુધારો થશે.

⇒ આ ઉપરાંત પોર્ટલ ઉપર પર્યાવરણ સંબંધિત નિર્દેશો, પર્યાવરણી ધારાધોરણો, પરિસ્થિતિકી સંરક્ષણના માનકો પણ આપવામાં આવેલા છે.

⇒ આમ, પરિવેશથી વ્યાપાર કરવામાં સરળતા રહેશે અને આર્થિક વિકાસ સાથે સાથે વિકાસ ટકાઉ બનશે.

Q.8 2

**DO NOT WRITE HERE**

Scanned by CamScanner

(10)

CSM-6

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| --- |
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 5 |

પ્રશ્ન.9. H1N1 શું છે ? તેનાં નિવારક પગલાંઓ સૂચવો.

Q.9. What is H1N1 ? Suggest its preventive measures.

H1N1 : સ્વાઇન ફ્લુ – વાયરલ ઇન્ફેક્શન છે જે

• ઇન્ફ્લુએન્ઝા વાઇરસથી થાય છે. સંક્રામક રોગ છે –

એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં હવા માધ્યમથી ફેલાય છે.

સામાન્ય લક્ષણો : ખાંસી, ઉધરસ, કફમાં લોહી નીકળે,

શ્વાસોચ્છવાસ રૂંધાય વગેરે... દવા : ઓસેલ્ટામીવીર

નિવારક પગલાં :

1) જાહેર જગ્યાએ સંભાવિત સંક્રમણ સમયે જવું નહી

2) માસ્કનો ઉપયોગ કરવો.

3) હસ્તધૂનનને સ્થાને નમસ્કાર મુદ્રામાં વ્યક્તિઓ સાથે મળવું

4) થોડા થોડા સમયે સાબુથી હાથ ધોવા.

5) એક અઠવાડીયાથી વધુ ખાંસી આવે તો તાત્કાલિક ડૉક્ટરની સલાહ લેવી

6) ઋતુગત બદલાવ સમયે ચેતવણી રાખવી

⇒ સ્વાઇન ફ્લૂ – ભૂંડમાંથી માનવમાં સંક્રમિત થયેલ રોગ છે જે મૃત્યુઘાતક બની રહ્યો છે, જનસામાન્યે તેની ગંભીર અસરો સમજી નિવારક કાર્ય કરવું જોઈએ

5 Q.9

DO NOT WRITE HERE

Scanned by CamScanner

CSM-6 

પ્ર.10. ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી સ્ટાર્ટ-અપ/ઈનોવેશન નીતિની મુખ્ય વિશેષતાઓની ચર્ચા કરો.

Q.10. Discuss the salient features of Start-up/Innovation policy launched by the Government of Gujarat.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 5 |
| --- | --- |
| 2 (Q.10) | |

ગુજરાત સરકારે તાજેતરમાં સ્ટાર્ટ અપ/ ઇનોવેશન નીતિને બહાલી આપી.. રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ રેંકિંગ- ગુજરાત પ્રથમ આવ્યું..

હેતુ :1) રાજ્યમાં નવા ઉદ્યમકારોને પ્રોત્સાહન આપવું અને સ્ટાર્ટ અપ - ઇકોસિસ્ટમ નિર્માણ કરવું

2) નવીનીકરણને પ્રોત્સાહન થકી ઉકેલો, સમસ્યાના પ્રમાણે ઉકેલ લાવવો.

3) રોજગારીનું સર્જન કરવું

4) ગુજરાતના યુવાને Job seeker નહીં Job Giver બનાવવો

વિશેષતા :-

1) નાણા સહાય- રાજ્ય સરકાર 7 વર્ષથી ઓછા સમય થયા હોય ને 25 કરોડથી ઓછું ટર્નઓવર હોય તેવા સ્ટાર્ટઅપને નાણા સહાય કરશે

ત્રણ વર્ષ સુધી ઉત્પાદમાં કર મુક્તિ

2) કર મુક્તિ— ત્રણ વર્ષ

3) ટેકનોલોજીકલ/ ઇન્ક્યુબેશન કેન્દ્ર :- i create, ટેકનોલોજી અને વ્યવસ્થા. રાજ્ય આજે યુવાઓને પ્રશિક્ષણ, મેન્ટર થકી લાભ મળે તેવી વ્યવસ્થા.

4) બજાર :- સરકાર ખરીદીમાં અમુક હિસ્સાને ખરીદ કરશે ઉત્પાદનમાં

5) મહિલા :- મહિલાને રોજગારી આપવી - પ્રાથમિકતા.

આમ, ભારતના ગ્રોથ એંજિન ગુજરાતના સ્ટાર્ટઅપ/ઇનોવેશન નીતિથી પરિણામે વધારો થશે, ઉદ્યોગોને પ્રોત્સાહન અને સમગ્ર દેશના વિકાસમાં તેનું યોગદાન અમૂલ્ય રહેશે.

DO NOT WRITE HERE

Scanned by CamScanner

CSM-6

## વિભાગ - B

(1) પ્રશ્નક્રમાંક 11 થી 22.

(2) નીચેના 12 પૈકી ગમે તે 10 પ્રશ્નોના જવાબ લખવાના છે. ફક્ત પ્રથમ 10 લખાયેલાં પ્રશ્નો જ ધ્યાને લેવામાં આવશે.

(3) દરેક પ્રશ્નના 10 ગુણ છે.

(4) જવાબ આશરે 130 થી 140 શબ્દોમાં લખવાના છે.

## SECTION - B

(1) Question No. 11 to 22

(2) Attempt any 10 out of 12 questions. Only the first 10 attempted questions would be considered.

(3) Each question carries 10 marks.

(4) Answer should be given approximately in 130 to 140 words.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
|---|---|
| | |

પ્રશ્ન.11. નાગરિક સેવાઓની ફરજના સંદર્ભમાં "ધ રાઈટ ટુ ડીસકનેક્ટ" ખરડાના ઉદ્દેશ્યોને વિવેચનાત્મક રીતે ચકાસો.

Q.11. Critically examine the objectives of "The Right to Disconnect" Bill in reference to the obligation of Civic Services.

તાજેતરમાં, ખાનગી સભ્ય દ્વારા લોકસભામાં 'પ્રાઈવેટ બિલ' તરીકે " ધ રાઈટ ટુ ડિસકનેક્ટ' ખરડો રજૂ કરવામાં આવ્યો.

ઉદ્દેશ્ય : 1) વધુ પડતાં કામના ભારણને ઘટાડવા સાથે માનસિક શાંતી સ્થાપવી. 2) કામના સમય બાદ મોબાઈલ ફોન ઉપર ફરજ સબંધિત વાર્તાલાપ નહિ કરવો. 3) ખાનગી કંપનીઓ દ્વારા કર્મચારીનું થતું શોષણ રોકવું..

⇒ જાહેર સેવાના સંદર્ભમાં ફરજ દરમ્યાન 'રાઈટ ટુ ડિસકનેક્ટ' બિલના તર્કો રહેલા છે. સકાર પક્ષ...

I) મર્યાદિત સમય કાર્ય – કાર્યક્ષમતા વધે

II) પરિવારને સમય – જાહેર-ખાનગી જીવન ગાળી શકે.

Scanned by CamScanner

III> ફોન બંધ કરી દેવાથી – અકારણસર કબજ કાર્ય, કાર્યક્ષમતા વધે.

⇒ પરંતુ જાહેર સેવાનો ઉદ્દેશ્ય લાભ કમાવાનો નહિ પરંતુ લોકો પ્રત્યે જવાબદાર રહીને સેવાને ઉત્કૃષ્ટ રીતે પુરી પાડવાનો છે. જેથી વિપક્ષમાં પણ તર્કો રહેલા છે–.

I> સાર્વભૌમિક અને સમાવેશી સેવાની પહોંચ.

II> લોકહિતનું કાર્ય – શપથ – ફરજમાંથી મર્યાદિત ના હોઈ શકે

III> ભારતની વિશાળ જનસંખ્યા જોતા સમયમર્યાદામાં કાર્ય થતાં નથી

IV> ઉપરી અધિકારીઓ પણ પ્રોત્સાહન આપી શકે છે, આવા હકો બિનતાર્કિક.

⇒ સાર: સમગ્રપણે 'ધ રાઈટ ટુ ડિસકનેક્ટ બિલ'થી ખાનગી કંપનીઓમાં નફાના
કાર્યસંસ્કૃતિ પ્રભાવિત થાય છે. ઉદ્દેશ્યથી શોષણ થતુ હોય – તે અટકે પણ જાહેર સેવામાં લોકહિતના કાર્યો કરવા, આપદા, અનિશ્ચિત સંકટ સામે લડવા આ બિલ વિરોધાભાસ દર્શાવે – સાથે પારિવારીક સંતુલન પણ રાખવું જોઈએ.

DO NOT WRITE HERE

6½
Q.11

Scanned by CamScanner

પ્રશ્ન.12. 24મી કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ (COP24) ઉપર સંક્ષિપ્ત નોંધ લખો અને આ પરષિદમાં ભારત દ્વારા રજૂ કરવામાં આવેલાં મુદ્દાઓ ખુલાસાવાર સમજાવો.

Q.12. Write a brief note on the 24th Conference of Parties (COP24) and elucidate the points made by India at this conference.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
|---|---|
| 6 | |

વર્ષ 2020 બાદ પેરિસ સંધિ કેવી રીતે લાગુ કરવી તેના સંદર્ભે 2018માં પોલેન્ડના કાટોવાઇસમાં COP 24 (Conference of Parties) - UNFCCC ની બેઠકનું આયોજન થયું હતું. જેમાં...

1) જનરલ રૂલબુક (નિયમો) બનાવવામાં આવી.

2) લોસ એન્ડ ડેમેજ મિકેનિઝમ પ્રસ્થાપિત કરવામાં આવ્યું

3) તાલાનોવા ડાયલોગ થકી INDC ની ચર્ચા- ખાસ મુદ્દા થકી

4) 'પ્રિ-2020' - આવનાર 2 વર્ષમાં જળવાયુ પરિવર્તન થી લડવાની ચર્ચાઓ કરવામાં આવી.

* ભારત દ્વારા રજૂ કરવામાં આવેલા મુદ્દાઓ :-

1) ગ્રીન ક્લાયમેટ ફંડ : $ 100 બિલિયનના ગ્રીન ક્લાયમેટ ફંડને લઈને વિકસિત દેશોની પ્રતિબદ્ધતાનો અભાવ

2) સુરક્ષા ખતરો : ભારતે જણાવ્યું કે જળવાયુ પરિવર્તનએ પર્યાવરણીય નહીં સુરક્ષા ખતરો છે. તેના લીધે જળવાયુ શરણાર્થીઓ વિસ્થાપિત થઈ આંતરિક સુરક્ષા સામે પડકાર ઉભો કરે છે.

3) ભારતના NDC (રાષ્ટ્રીય નિર્ધારિત ફાળો) હાંસિલ કરવાની રણનીતિ રજૂ કરવામાં આવી- 227 GW પુન: પ્રાપ્ય ઉર્જા સ્ત્રોત, આંતરરાષ્ટ્રીય સૌરગઠબંધન, હાઇબ્રિડ નીતિ...

4) આંતરરાષ્ટ્રીય સૌરગઠબંધન માટે 1,000 GW સોલર ઉર્જાનું ઉત્પાદન કરવા નાણાં ટેકનોલોજીના ખુલાસા કરાયા

આમ, ભારત પાછલા 5 વર્ષથી પર્યાવરણ પ્રત્યે વૈશ્વિક નેતૃત્વ કરી 2030 વિકાસ લક્ષ્યાંકોની દિશામાં Reform, Perform and Transform "નીતિથી ચાલી રહ્યું છે.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| --- | --- |
| 1½ | |

પ્રશ્ન.13. તાજેતરમાં નામકરણ કરવામાં આવેલી "મેઘાલયન - ધ ન્યુ જીઓલોજીકલ એજ" - નું વર્ણન કરો.

Q.13. Describe the recently named "Meghalayan - The New Geological Age".

"મેઘાલયન – ધ ન્યુ જીઓલોજીકલ એજ" – પ્રિકેમ્બ્રિયન કાળના ખડકો ઉત્તરપૂર્વમાંથી મળી આવ્યાં. તાજેતરમાં ભારતીય વૈજ્ઞાનિકો દ્વારા તેનું અધ્યયન કરવામાં આવ્યું છે જે અત્યંત અતિપ્રાચીન કાળના હોવાનું નક્કી કરી નામકરણ કરવામાં આવ્યું

⇒ ગોંડવાના સમયના ખડકોના બાદના સમયની માહિતી મળી શકે. ભારતના નિર્માણ અને તેને સબંધીત માહિતી મળે.

⇒ ખડકોના આંતરિક ગુણધર્મોના અભ્યાસ પરથી પૃથ્વીના પેટાળની માહિતી પણ મળી શકે.

⇒ ખડકોના ઘટકોના વૈજ્ઞાનિક સંશોધનની માહિતી પરથી નવા તથ્યો, આદિકાલીન માનવસમુદાયના અંશો, લાક્ષણિકતાઓનો અભ્યાસ કરી શકાય છે.

⇒ મેઘાલયન નામકરણ મેઘાલય પરથી આપવામાં આવ્યું છે કેમ કે ગોંડવાના બાદના સમયના અવશેષો – મેઘાલય પાસેથી પ્રાપ્ત થયા છે.

⇒ ભવિષ્યમાં નવી શોધો કરવા, પૃથ્વીના પેટાળના ગૂઢ રહસ્યોના ઉકેલ માટે ઉપયોગી થશે

⇒ વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે ભારતીય વૈજ્ઞાનિકોની શોધ વિશ્વમાં ભારતને વિજ્ઞાનગુરુની દિશામાં મદદ કરશે.

Q.13

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

**પ્રશ્ન.14.** 103મો બંધારણીય સુધારા અધિનિયમ, 2018 આપણાં સમાજમાં સામાજિક એકતા અને સુસંવાદીતાની ભાવનાને વેગ આપશે. વિવેચનાત્મક મૂલ્યાંકન કરો.

**Q.14.** The 103rd Constitutional Amendment Act, 2018 would boost the spirit of social integration and harmony in our society. Critically evaluate.

તાજેતરમાં સંસદ દ્વારા ઉચ્ચ વર્ગના નાગરિકોમાટે શિક્ષણ અને નોકરીમાં 10% અનામતનો લાભ આપવાનું નક્કી કર્યું. જે ઇન્દ્રા સાહની ચુકાદાને અનુરૂપ, - M. નાગરાજ ચુકાદાની વિરુદ્ધમાં (50% અનામત સીમા ના ઓળંગવી.)

⇒ લાભાર્થીની પસંદગી માટે 4 માપદંડો રાખવામાં આવ્યા :

5 એકરથી ઓછી કૃષિ જમીન, 1000 ચો.મી. ઘર, મ્યુનિસિપાલ વિસ્તારમાં 100 યાર્ડ, બિન-મ્યુનિસિપાલ વિસ્તારમાં 200 યાર્ડ, આવક – 8 લાખથી ઓછી હોય તે લાભ મળવાપાત્ર

⇒ બંધારણના અનુ – 15/16 માં સુધારો કર્યો.

સમાજમાં એકતા અને સુસંગતતાને કેવી રીતે વેગ મળશે ?

1) ઉચ્ચ વર્ગમાં પણ પછાત લોકો છે. સર્વોચ્ચ ન્યાયાલયે જણાવ્યુ હતુ કે "પછાતપણુ જાતિથી ઘણુ આગળ" (આર્થિક ક્રીમીલેયર..)

2) અનામત આંદોલનો (પાટીદાર, જાટ, મરાઠા, ગુર્જર)ને વિકલ્પ આપ્યો સામાજિક સમાનતા સ્થપાશે, શાંતી પ્રસ્થાપિત થશે

3) સામાજિક ન્યાય, કલ્યાણકારી રાજ્યને ચરિતાર્થ કર્યું.

4) પહેલા OPEN, OBC, SC/ST ને આધારે સમાજમાં રૂઢિગત માન્યતા – અનામત મળે તે પછાત કહેવાય – પરંતુ હવે બધાને મળશે – સામાજિક એકતા સ્થપાશે.

5) સૌ પ્રથમ વખત આર્થિક પછાતપણાની બંધારણીય સ્વીકૃતિ જેથી આર્થિક સમાનતા આવશે.

6) મૂળભૂત હકોમાં સુધારા, નવા વર્ગો ઉમેર્યા – ન્યાયયોગ્ય કર્યા

7) ઉચ્ચ વર્ગોનો અલગાવવાદની ભાવના નહી રહે,

⇒ 103મો સુધારો આર્થિક રીતે પછાતપણાના દ્વાર ખોલે છે પણ સાથે લાભાર્થીની પસંદગી, અનામતનો લાભ જરૂરિયાતમંદને થાય તે સુનિશ્ચિત કરી – શિક્ષણ, ખાનગી નોકરીમાં વિકાસ કરવો જોઈએ

5½ Q.14

Scanned by CamScanner

| | |
|---|---|
| પ્રશ્ન.15. ભારતીય કરમાળખામાં આંતરક્ષેત્રિય અસમતુલાઓ ધ્યાને લેતાં, ખેતીની આવકને કરપાત્ર કરવી જોઈએ કે નહીં તે ચકાસો.<br>Q.15. In view of Inter Sectoral Imbalances in Indian tax structure, examine whether agriculture income should be taxed or not. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |

ભારતમાં મોટાભાગનો ~~પ્રત્યક્ષ~~ કર સેવા ક્ષેત્ર, ઉદ્યોગક્ષેત્ર ~~માંથી~~ થી પ્રાપ્ત થાય છે. પ્રાથમિક ક્ષેત્રમાંથી નહિવત પ્રમાણમાં કર મળે છે. ~~[illegible]~~ શોમ સમિતિએ 50 લાખથી વધુ આવક ધરાવતા ખેડૂતોને કર માળખામાં ઉમેરવા ભલામણ કરી હતી.

| પક્ષમાં તર્ક. | વિપક્ષમાં તર્ક |
|---|---|
| 1) કરપાત્ર કૃષિથી સરકારની મહેસૂલી આવક વધે, મહેસૂલ ખાધ, ચાલુખાતાની ખાધ ઘટે. | 1) કૃષિ અસંગઠિત ક્ષેત્ર - નોંધણી અને કર ઉઘરાવવું કઠિન. |
| 2) કૃષિ અર્થવ્યવસ્થામાં 50% લોકોને સમાવી લે - કર બોજ વધે. | 2) કૃષિ સંકટ - જળવાયુ પરિવર્તન, નિમ્ન ઉત્પાદકતા, ભાવમાં ઉતાર ચઢાવમાં ખેડૂતો - જીવન નિર્વાહ કઠિન - કર ક્યાંથી ભરશે ? |
| 3) કૃષિમાં વ્યવસાયીકરણ થાય - કર ભરવાની સામે લાભો ઉઠાવી શકશે. | 3) 86% ખેડૂતો નાના - સિમાંત - જીવનનિર્વાહ સામે સંકટ. ગરીબ પરિવારો |
| 4) કરપાત્ર આવકથી Backward અને Forward link માં સુધાર કરી કૃષિ સંકટ ઘટાડી શકાય. | 4) નાબાર્ડ અહેવાલ - કૃષિ પરિવારો માસિક 8000 ₹ આવક ધરાવે છે, તેમાં 43% જ કૃષિમાંથી પ્રાપ્ત થાય - બાકીની મજૂરીથી. વર્તમાન કર માપદંડ - 3 લાખથી ઓછી આવક - કર માફી |
| 5) પહેલા કૃષિ ખાદ્ય સુરક્ષા માટે, હવે રોકડિયા પાકોથી આવક માટે તેથી કરપાત્ર કરવું | 5) જમીન નોંધણી, જમીન સુધારા નિષ્ફળ, ખેડૂતો નિરક્ષર - કરપાત્ર કરવાથી ભ્રષ્ટાચાર પણ થઈ શકે. |
| 6) ખેડૂતો સરકારી સેવાનો લાભ મેળવે, કૃષિ સબસિડી, વીમો, સોઇલ હેલ્થ કાર્ડ - કર ભરવો જોઈએ | |

આમ, વિવિધ મતમતાંતરો રહેલા છે. શોમ સમિતિ અનુસાર 50 લાખથી વધુ આવક અને 2 હેક્ટરથી વધુ જમીન ધરાવતા ખેડૂતો પાસેથી કરપાત્રતા વસૂલી શકાય - નાના - સિમાંત ખેડૂતોને કરમાળખાથી બહાર જ રાખવા જોઈએ. - -

8
Q.15

Scanned by CamScanner

CSM-6

પ્રશ્ન.16. ચાલુ તેમજ મૂડી ખાતામાં ભારતીય રૂપીયાના રૂપાંતરણ (Convertibility) અંગેની ભારતીય નીતિની ચર્ચા કરો.

Q.16. Discuss India's policy on convertibility of Indian rupee on current as well as capital account.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

N.A.
Q.16

Scanned by CamScanner

604001758

CSM-6



પ્ર.17. ભારતમાં જમીન સંપાદનની મુખ્ય સમસ્યાઓ કઈ છે ? પ્રવર્તમાન કાયદાકીય માળખા વિશે ચર્ચા કરો અને તે આ સમસ્યાઓનું નિરાકરણ કેટલાં અંશે કરે છે ?

Q.17. Which are the major problems of land acquisition in India? Discuss the prevailing legal framework and how far does it address these problems.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
|---|---|
| 3½ (Q.17) | 10 |

જમીન સંપાદન : સરકારી/ખાનગી પરિયોજનામાટે જમીનની ફાળવણી

સમસ્યા :

1) સામાજિક : જમીન સમાજમાં ઓળખનું સ્થાન, જમીન જવાથી વ્યક્તિઓમાં રોષ, કૃષિલાયક જમીના સંપાદનથી ગરીબી વધે, મજૂરો બેકારો, બેકારી વધશે.

2) આર્થિક : યોગ્ય ભાવ ના મળવા, ચૂકવણામાં વિલંબ, ખેડૂતોમાં કૌશલના અભાવે અન્ય આર્થિક ગતિવિધિથી વંચિત રહે.

3) રાજનીતિક-પ્રશાસનિક : દલાલો, ભ્રષ્ટાચાર, પુનર્સ્થાપનમાં શિથિલતા,

4) પર્યાવરણ – જૈવવિવિધતા ક્ષતિ, જમીન ફળદ્રુપતા ઘટાડો. સામાન્ય જમીને ઔદ્યોગિક ક્ષેત્ર બનાવવાથી પ્રદૂષણની સમસ્યા વધે...

⇒ વર્તમાન કાયદાઓ :–

1) જમીન રાજ્ય સૂચિનો વિષય છે (7મી અનુસૂચિ)– રાજ્યમાં "જમીન સંપાદન, અધિગ્રહણ, પુનર્વસન અધિનિયમ" અંતર્ગત જમીન સંપાદન કરવામાં આવે છે. ઔદ્યોગિક એકમો માટે કંપની અધિનિયમ, 2013 પણ જોગવાઈઓ કરેલી છે.

⇒ કાયદાની અસરકારકતા :

1) સરકારી પરિયોજનાઓ માટે સંપાદન થાય છે પણ સ્થાનિક લોકોનો રોષ, વિરોધ, પ્રદર્શન – તેમની જરૂરિયાતો સંતોષવામાં અસફળતા. ઉદા. બુલેટ ટ્રેન (અમદાવાદ- મુંબઈ કિસ્સામાં જમીન સંપાદન) પુનર્વસન જોગવાઈઓ અપૂરતી.

2) જમીન સંપાદનમાં નાણા સહાય, ~~Accounting~~ Natural Capital Accounting ધ્યાને નથી લેવાતું.

3) પર્યાવરણ ક્ષતિ

⇒ સમાધાન :– સંતુલિત વ્યવસ્થા બનાવવી, બધા હિતધારકોના સમાધાનથી નક્કી કરવું, પ્રક્રિયા ~~[illegible]~~ સ્પષ્ટ સરળ બનાવવી, નાણાને સમયસર ચૂકવવા, પુનર્વસન ઉચિત ધ્યાને કરવું.

Scanned by CamScanner

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્રશ્ન.18. વર્ષ 2018-21 માટેની ભારતની દેવા સંચાલન વ્યૂહરચનાની વિવેચનાત્મક ચકાસણી કરો તેમજ સ્વતંત્ર જાહેર દેવું સંચાલન એજન્સી (PDMA) ના ખ્યાલ ઉપર ટિપ્પણી કરો.

Q.18. Critically examine Debt Management Strategy of India for the year 2018-21 and comment on the concept of independent Public Debt Management Agency (PDMA).

⇒ ભારત સરકારનું 46.5% દેવું છે. બધા રાજ્યોનું 23.5% (આસપાસ). રાજકોષીય નિયમન અને બજેટ વ્યવસ્થા સમિતિ (N.K Singh – FRBM) દ્વારા વર્ષ 2023 સુધીમાં દેવાને 60% લાવવાની ભલામણ કરી જ્યાં કેન્દ્રનું 40% અને રાજ્યનું 20% કરવું.

વ્યૂહરચના – 1) જાહેર ખર્ચમાં ઘટાડો કરવો

2) સબસિડીમાં ઘટાડો કરવો, બિનતાર્કિક સબસિડી નાબૂદ કરવી

3) કરબોજ વધારવો, પ્રત્યક્ષ કર સુધારા કરવા.

4) GSTમાં [illegible] લાભ [illegible] / ભાગ કર ? સરળીકરણ કરવું..

5) અસંગઠિત ક્ષેત્રનું સંગઠન કરવા (2021 સુધીમાં 6% થી 15% કરવા)

[illegible] સંચાલન એજન્સી)

⇒ આજ, સરકાર પાસે નાણાં બચાવવી દેવું ભરપાઈ કરી કલ્યાણ કારી રાજ્ય સ્થાપી શકાય. **3 Q.18**

⇒ PDMA (જાહેર દેવા નિયમન એજન્સી) = સરકારનું બધું જ દેવું મુક્ત કરવા, દેખરેખ રાખવા, નિયમન કરવા માટે મોડલ એજન્સીના રૂપમાં પુનઃસ્થાપિત કરવાનો ખ્યાલ છે.

⇒ ફાયદા – સરકાર દેવાને બદલે આવક વધારવાને ખર્ચ ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકશે.

– કલ્યાણકારી યોજનાનું અમલીકરણ)

– સ્વતંત્ર એજન્સી નિર્ણયો સારા લઈ શકશે –

અર્થવ્યવસ્થા મજબૂત બનશે

⇒ એજન્સી બનાવવી પણ તેનું અધ્યક્ષ નિમણૂક પારદર્શી હોવી તેનું કાર્યક્ષેત્ર સરકારથી સ્વતંત્ર રાખવું તો જ ખ્યાલ સાર્થક નીવડશે.

Scanned by CamScanner

પ્રશ્ન.19. ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી ખાતાની પહેલ, મિશન eco Next ઉપર નોંધ લખો.

Q.19. Write a note on Mission eco Next, an initiative of the Department of Science and Technology, Government of India.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| --- |
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

N.A.
Q.19

Scanned by CamScanner

પ્રશ્ન.20. "નેટ ન્યુટ્રાલીટી" એટલે શું ? નેટ ન્યુટ્રાલીટી બાબતે ટ્રાઈ (TRAI) દ્વારા કરવામાં આવેલી ભલામણોની મુખ્ય બાબતો ચર્ચો.

Q.20. What is "Net Neutrality" ? Discuss the key highlights of the recommendations made by TRAI on Net Neutrality.

નેટ ન્યુટ્રાલીટી :- ઈન્ટરનેટ સેવા પ્રદાતા બધાજ ગ્રાહકો સાથે ભેદભાવ વગર સેવા પ્રદાન કરશે. TRAI (Telecom Regulatory Authority of India) દ્વારા વર્ષ 2015માં તેને માન્યતા આપવામાં આવી. જ્યારે અમેરિકામાં તેની વિરુદ્ધ ચર્ચાઓ ચાલી રહી છે...

⇒ ઉદાહરણ – ફેસબુકના Free basics ને રદ કરી પક્ષપાતપૂર્ણ સેવા પ્રદાનને રદ કર્યું.

⇒ TRAI ની ભલામણો :-

1) બધા ઇન્ટરનેટ સેવા પ્રદાતાઓએ સેવા પ્રદાન કરતી વખતે કોઈપણ પ્રકારનો ભેદભાવ કરવાનો રહેશે નહીં.

2) VOIP (વોઇસ ઓવર ઇન્ટરનેટ પ્રોટોકોલ) જેવી વિશેષ સુવિધા (દા.ત. Facetime, વિડિયો કોલ)માં છૂટ પ્રદાન કરી છે.

3) નેટ ન્યુટ્રાલિટીનું ભંગ કરશે તો IT Act અનુસાર કાર્યવાહી કરવામાં આવશે, નોંધણી રદ કરવામાં આવશે.

4) કોઈ વિશેષ નવીનીકૃત સેવા માટે ટ્રાઈની પરવાનગીથી શુલ્ક વસુલી શકશે.

⇒ લાભ :- સમાનતાનો સિદ્ધાંત, ઇજારો રોકી પ્રતિસ્પર્ધા વધારશે, ગ્રાહકોને સમાન ગુણવત્તાયુક્ત સેવાનો લાભ મળશે, ભારતની વૈશ્વિક પ્રતિષ્ઠામાં વધારો થશે.

⇒ ગેરલાભ – વાણિજ્ય-વ્યાપાર ક્ષેત્રોનાનું હનન, મહેસુલ પ્રાપ્ત નહિ હોવાથી નવીનીકરણ ટેક્નોલોજીકલ વિકાસ નહીં થાય.

⇒ આમ, નેટ ન્યુટ્રાલીટી લાગુ કરી ટ્રાઈએ ટેલિકોમ ક્ષેત્રે ક્રાંતિ લાવી છે- ડિજિટલ ઇન્ડિયા માટે આધાર સ્તંભ બની રહેશે.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

4
Q.20

SM-6

પ્રશ્ન.21.

Scanned by CamScanner

પ્ર.21. "આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સનો ઉદભવ આપણી સભ્યતાના ઇતિહાસમાં સૌથી ખરાબ ઘટના હોઈ શકે." સ્ટીફન હોકીંગ્સ્ દ્વારા કરવામાં આવેલા આ વિધાન પરત્વે તમારા પ્રતિભાવો જણાવો.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| --- |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

Q.21. "The emergence of Artificial Intelligence could be the worst event in the history of our civilization." Reflect your views on this statement made by Stephen Hawking.

ઈ.સ. 1950ના દાયકામાં જ્હોન મેકાર્થી દ્વારા 'કૃત્રિમ બૌદ્ધિકતા' શબ્દ આપવામાં આવ્યો જેનો મતલબ થાય કે મશીનમાં એવા પ્રોગ્રામીંગ સેટ કરવા કે મનુષ્ય જેવું વિચારી શકે, નિર્ણય લઈ - Automation કાર્ય ~~કરી~~ શકે. ઉદા. SAM રોબોટ- ન્યુઝીલેન્ડ- રાજકારણમાં, SOFIA રોબોટ- સાઉદી નાગરિકતા આપી.

⇒ સ્ટીફન હોકીન્સ તેને સભ્યતાના ઈતિહાસમાં સૌથી ખરાબ ઘટના કહે છે જેની પાછળ તેના નકારાત્મક બાબતો રહેલી છે.

1) માનવ બેરોજગારી વધી. (વિશ્વબેંક અનુસાર 69% નોકરીને ખતરો)
2) નૈતિકતા (લાગણી વગરનું મશીન- મનુષ્યની copy નહી.)
3) પૃથ્વી માટે/આવનારી પેઢી માટે ખતરો- મશીન-યુદ્ધો, હથિયારોમાં વપરાય...
4) વિશ્વસનીયતા, પ્રામાણિકરણ (standardization) & liability (જવાબદારતા)
આજે મુદ્દા રહેલા છે.

⇒ પરંતુ તેના સંતુલિત ઉપયોગથી માનવજાતનું કલ્યાણ થશે

1) Industry 4.0 : ગુણવત્તાયુક્ત ઉત્પાદન, કૌશલ્યવાન કામના અભાવે, માનવીની પહોંચથી બહારના કાર્યો કરવાં.
2) અંતરિયાળ ગામડાં/પહાડી વિસ્તારમાં સેવા પહોંચાડવા.
3) કૃષિ, આરોગ્ય, શિક્ષણમાં ક્રાંતિકારી પરિણામો લાવી શકે
4) દેશના આર્થિક, સામાજીક વિકાસ માટે...

⇒ આમ કૃત્રિમ બૌદ્ધિકતાએ વર્તમાન સમયનું અનિવાર્ય શૈતાન છે. સંતુલિત ઉપયોગ કરીને યોગ્ય નિયમો, આંતરરાષ્ટ્રીય સહયોગ, ટેકનોલોજીકલ વિકાસથી ઉપયોગ કરવો, સમયની માંગ છે...

5½
Q.21

Scanned by CamScanner

CSM-6

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| --- |
| |
| **કુલ ગુણ / TOTAL MARKS: 10** |

પ્રશ્ન.22. અવકાશ ટેકનોલોજીના માધ્યમથી રાષ્ટ્રના વિકાસમાં કાર્યરત, ઈસરો (ISRO) દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવેલાં મુખ્ય પ્રક્ષેપણો (launches) તેની ઉપયોગીતા સહ ચર્ચા કરો.

Q.22. Discuss the important successful launches made by ISRO, along with its usefulness, that have harnessed space technology for national development.

1969માં બેંગલોરમાં ઇસરોની સ્થાપના થઇ, ત્યારબાદ આજસુધી અનેક મિશનો વડે અવકાશ ક્ષેત્રે ભારતનું નામ વિશ્વમાં ઉજાગર કરવા સાથે લોકોને સેવા પુરી પાડી રહ્યું છે.

1) ચંદ્રયાન-I (PSLV C-11): વિશ્વમાં ચંદ્ર ઉપર ઉપગ્રહ છોડનાર ચોથો દેશ બન્યો, ચંદ્રની સપાટી પર પાણી ઉપલબ્ધતાની સ્થાપિત. હાલ ચંદ્રયાન-II ની તૈયારીઓ થઇ રહી છે.

2) મંગળયાન (PSLV C-25): મંગળ પર ભારતીય ઉપગ્રહ પ્રસ્થાપિત કરી તેની સપાટી, આબોહવા, ખડકો, ખનીજોનો ખ્યાલ મેળવવા.

3) IRNSS નાવિક: ભારતની સ્વદેશી નેવીગેશન પ્રણાલી (ઉપગ્રહો – PSLV C-22, 24, 26, 27, 31, 32, 33 ...) 3 જીઓ સ્ટેશનરી ઓર્બિટ, 4 જીઓ સિન્ક્રોનસમાં)

4) ગગન – GPSને નેવીગેશન તરીકે વાપરી ISRO ના GSAT 8, GSAT 12 ની મદદથી એરફોર્સને હવાઈ પરિવહનમાં, જલ પરિવહનમાં All weather Informatn આપી

5) ભુવન – પૃથ્વીનું અવલોકન કરવાની પ્રણાલી ઇસરોએ વિકસાવી છે.

6) PSLV C-37: વિશ્વ રેકોર્ડ 137 ઉપગ્રહો છોડી જેમાં કાર્ટોસેટ 2D – ભારતનો કે નકશાઓ બનાવવાને ભૂ-અવલોકન કરવા ઉપયોગી.

7) PSLV-C43 – HySIS ઉપગ્રહ (હાયપર સ્પેક્ટ્રલ ઇમેજીંગ સેટેલાઇટ) – ઉચ્ચ તરંગલંબાઇ, સ્પેક્ટ્રમના મદદથી પૃથ્વીનું અવલોકન

8) GSAT-11 – સૌથી ભારે – ભારતનો ડિજિટલ કનેક્ટીવીટી, GSAT-29 – જમ્મુ કાશ્મીર, ઉત્તરપૂર્વમાં ડિજિટલ કનેક્ટીવીટી, રીસોર્સસેટ – [illegible] અવલોકન, ભવિષ્યમાં ગગનયાનની તૈયારી ચાલી રહી છે.

7
Q.22

Scanned by CamScanner